સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૭૧ / શુમારો : ૧૧ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ફુલ પાના - ૧૨

الهادي
THE GUIDE
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ ઝીલકાદલ હરામ ૧૪૩૦ હી., ૧૯-૧૦-૨૦૦૯

# -::: દાઈએ હક્કની શહાદત :::-

મુમિન વફાત થાય છે તો એ શહાદતની હાલતમાં વફાત થાય છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એક અન્સારના ઘર પર પધારા. એ શખ્સ મૌતના સકરાત-તકલીફમાં ગિરફતાર હતો. એના સગાવ્હાલા-અકરૂબા ઘણા ગમગીન હતા અને એની રહેલતની ઘડીઓની રાહ જોઈ રહ્યા હતા. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તું શહાદતનો કલેમો પઢ. એ શખ્સે ન પઢો. પણ ફક્ત “લા હૌલા વલા કૂવતા ઈલ્લા બિલ્લાહિલ અઝીમ” બોલો. આપે અસ્હાબને ફરમાવું કે, તેઓ એના બૈરોથી જઈને પૂછે કે, એની આદત અને ખસલત શું હતી ? એના બૈરોએ જવાબ આપો કે, એના મરદ ગરીબ પરવર હતા અને મિસ્કીનોના હાલ પૂછનાર હતા. જમનનો પોતે એક લુકમો ન લેતા જહાઁ તક ફકીરને જમન ન જમાડતા, મગર નમાઝને પાબંદી સાથે અદા કરતા ન હતા. ચંદ અય્યામ બાદ આ અન્સાર ગુઝરી ગયા અને એને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવા.

એક રાતે અસ્હાબે રસૂલુલ્લાહએ એની કબરમાંથી ધૂમો ઉઠતા જોયો અને અલમનાક ચીખ-પુકાર સાંભલી. આપ નબી સાહબ (સ.અ.વ.વ.) એ જગા પર પધારા અને ફરમાવું કે, નમાઝ ન પઢવાના સબબ આ શખ્સ શહાદતના કલેમાની બરકતથી મેહરૂમ છે અને અઝાબે કબ્રમાં મુબ્તેલા છે. આપે એ શખ્સ વાસ્તે અલ્લાહની બારગાહમાં મગફેરત અને બખ્શિશની અરઝ ગુઝારી અને અલ્લાહે આપની દોઆ મકબૂલ ફરમાવી અને એ શખ્સ કે, જેએ શહાદતના કલેમાનો ઈન્કાર કીધો હતો એને કબરના અઝાબથી નજાત હાસિલ કરાવી.

અલ્લાહતઆલાએ ઈમામુઝઝમાન (સ.અ.) ને મુમેનીનના હર હાલાતથી વાકિફ કીધેલા છે અને આપ જ મુમિનના આઅમાલ પર શાહિદ અને આગાહ છે. મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ની હઝરતે સજ્જાદીયાહમાં એક શખ્સ કદમબોસી વાસ્તે પધારા. તે વક્ત **આપે એનો ચહેરો જોઇને આપનો દસ્તે મુબારક ખેંચી લીધો** અને કદમબોસીનો શરફ ન લેવા દીધો. એ શખ્સે આનો સબબ પૂછો, તો આપ મૌલાએ એની મઝમ્મત કરીને તાકીદ કીધી કે, અય ફલાન ! તું જનાબતદાર છે, નાપાક છે અને ગુસ્લ કીધા બગૈર મારી મુલાકાતમાં આવો છે. એ શખ્સ હયરાન અને શરમિંદા થઈ ગયો અને આપ મૌલાને નઝદીક પોતાની ખતાની મઆફી-તલાફી પૈશ કીધી.

અલ્લાહતઆલા ઈમાનદારોના તમામ આઅમાલનો શાહિદ છે અને એની મખ્લૂક મશ્હૂદ છે, યાઅની કે, જેની શાહિદી દેવામાં આવે છે. આ સિલસિલો જો યહાઁ ઝહેનમાં બરાબર રાખીએ તો અલ્લાહતઆલા, નબીઓના શાહિદ, નબીઓ વસીઓના શાહિદ, વસીઓ ઈમામોના શાહિદ એમ કરતા કરતા આ સિલસિલો દાઈએ હક્કના ઝમાનના મુમેનીન તક પહોંચે છે કે, દાઈએ હક્ક મુમેનીનના આઅમાલના શાહિદ હોય છે અને અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ઈરશાદ ફરમાવે છે કે, **યૌમા નદઊ કુલ્લા ઓનાસિન બેઇમામેહિમ**, યાઅની કે, કયામતના દિન હમેં તેઓને તેઓના ઈમામ સાથે બોલાવીશું કે, જેઓ તેના ઝમાનના મુમેનીનના હર આઅમાલનો હિસાબ-કિતાબ અલ્લાહતઆલાને આપશે. મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, જે જે ઈમામોની અપના અપના ઝમાનાઓના લોગોએ એમની પૈરવી કીધી હશે, તેઓને પોતાના ઈમામોના નામથી યા તેઓને સાથે બોલાવવામાં આવશે. આકા અલી (અ.સ.) ના ઝમાનાના લોગોને આપને સાથે પુકારવામાં આવશે, ઈમામ હસન (અ.સ.) સાથે એમના ઝમાનાના લોગો વાસ્તે નિદા થાશે, ઈમામ હુસૈન (અ.સ.) ને હમરાહ એમના ઝમાનાના લોગોને તલબ કરવામાં આવશે. હર જમાઅતો અને ઉમ્મતોને પોત પોતાના નબીઓ અને ઈમામોના નામોથી

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**તમેં એવી આદતથી અલ્લાહની પનાહ ચાહો જે તમને લાલચ તરફ લઈ જાતી હોય.**

## -: શરાબ : નાપાક દુનિયાનો શયતાની બાદશાહ:--: કિસ્ત-૪ :-

હિકાયતમાં છે કે, એક બાદશાહ હતો. તેનું અઝીમ મુલ્ક હતું. ખુદાએ તેને એકનો એક ફરઝંદ બખ્શો હતો. તે દીકરો જે વક્ત શુઊરની ઉંમર પર પહોંચો, બાલિગ થયો તો બાદશાહે તે ફરઝંદની શાદી પોતાના વઝીરની દીકરી સાથે કરી દીધી. દીકરી ઘણી જ ખૂબસૂરત અને જમાલદાર હતી અને બાદશાહે શાદીની તમામ રસ્મો ખૂબ જ ધામધૂમથી કીધી. નિકાહ બાદ દુલ્હનને શાહી સવારી સાથે મહેલમાં લાવા. મહેલનો એક-એક કોનો અને કમરો સજાવવામાં આવો હતો. મહેલમાં ખુશીની ધૂમ અને શાહી મહેમાનોથી રોનક હતી. પૂરૂં શાહી મકાન બરાતીઓથી ભરચક હતું. ચારે તરફ રોશની જ રોશની હતી અને દુલ્હનને વાસ્તે એક ખુસૂસી આલીશાન રૂમને કાઁચ, હીરા અને રેશમી પડદાઓથી આરાસ્તા કરવામાં આવો હતો. આ રૂમને ચારે બાજુ જેટલી ગેલેરીઓ હતી તેને તરહ-તરહના મહેકદાર ફૂલોથી ઝીનતદાર કરવામાં આવી હતી. આ હંગામમાં દુલ્હનને તે રૂમમાં લાવવામાં આવી અને **એક હૂરની મિસિલ ઝરીતારના લિબાસમાં હુસ્નો જમાલના પયકરમાં બેસી હતી.**

પોતાના દુલ્હાનો ઈન્તેઝાર કરી રહી છે. મગર દુલ્હાના આવવાની કોઈ નિશાની નઝર આવતી નથી. હર કોઈ મહેલમાં રહેનાર તેને ચારે તરફ ઢૂંઢી રહ્યા છે. નવશાની તલાશમાં હૈરાન-પરૈશાન સઘલા ફિરી રહ્યા છે. નવશાએ શું કારનામું કીધું કે, નિકાહ બાદ તેં ખૂબ શરાબ પીધી અને તેની છાકમાં મસ્ત થઈને ઘોડા પર દૂરો દરાઝ ઈલાકામાં નીકલી ગયો, મુલ્કની સરહદને બાહર ચાલો ગયો. જંગલમાં ફિરતો ફિરતો પારસી લોગોના એક બેહશ્તાની તરફ આવો જ્યાં તેઓ પોતાના મરેલાઓને પરિંદાને ખાવા વાસ્તે છોડી જાય છે. તે વક્તનો રસમ એમ હતો કે, કોઈ મરી જાય તો તેના મૈયેતને સારામાં સારા કપડા પહેરાવીને ત્યાં સુવાડતા હતા અને આસપાસ ફૂલો બીછાવતા હતા અને ખુશ્બૂ સાથે દીવો કરતા હતા. તે દિન એક ઝઈફ બુઢ્ઢી બૈરોનું મૈયેત ત્યાં પડેલું હતું. દીવાની રોશની તે મૈયેત પર પડતી હતી અને દુલ્હન જેમ તે બુઢ્ઢી બૈરોને સજાવેલી હતી. ફૂલોની ખુશ્બૂથી તે જગા મહેકતી હતી.

નવશો નશામાં ચકચૂર ભટકતાં ભટકતાં એ બેહશ્તામાં જઈ પહોંચો. છાકમાં પુર હતો, થાકી ગયો હતો. તો તે બેહશ્તાને પોતાનું મકાન ખયાલ કરી ત્યાં ચક્કર મારવા લાગો. એક જગા પર પડેલી તે મુરદાર બૈરોને પોતાની દુલ્હન ખયાલ કરી રમતબાઝી કરવા લાગો. **પૂરી રાત નશાના આલમમાં તે બુઢ્ઢી બૈરોના મુરદા સાથે તે મુરદાખાનામાં પડી રહ્યો.** આમ, ફજર થઈ અને નવશાનો નશો ઉતરી ગયો તો પોતાને આ હાલમાં જોઈને તેના હોંશ ઉડી ગયા. ખૂબ પછતાવો કરવા લાગો અને અફસોસ કરવા લાગો કે, આ શું થયું ? હું કહાઁ આવી ગયો છું અને મેં આ શું કીધું ? મારી દુલ્હન અને મારૂં મકાન કહાઁ છે ? મેં આ મૈયેત સાથે આ બેહશ્તામાં શું કરી રહ્યો છું ? ઘણો જ અફસોસ કરી દિલમાં દર્દ પૈદા કરી વહાઁથી તે બાહર નીકલો અને પોતાને છુપાવતો છુપાવતો ચાલવા લોગો કે, કોઈ મને જોઈ ન લે અને મારી વાત ખુલ્લી ન પડી જાય !

આ ખયાલમાં જાતો હતો કે, બાદશાહનો વઝીર, ખિદમતગુઝારો, રિશ્તેદારો અને સિપાહીઓ, જે સઘલા તેની તલાશમાં નીકલા હતા અને તેને કલાકો તક ઢૂંઢી રહ્યા હતા તેઓ નવશાને રસ્તામાં આવી મીલા. શરમિંદગી સાથે નવશાએ પોતાનો હાલે બદ વઝીરને નઝદીક બયાન કીધો અને કહેવા લાગો કે, **"કાશ! મને મૌત આવી ગઇ હોત તો બહેતર થાતું ! આ ઝિલ્લત અને ફઝેહતી ઘણી જ બૂરી છે."** ગરઝ કે, સઘલાએ તેને યારી દીધી, પાકો સાફ લિબાસ પહેરાવીને એની દુલ્હન પાસે મોકલો.

આ હિકાયત પર ગૌર કરશો તો તમારા ખયાલમાં આવશે કે, દૌલત, શોહરત અને તાકતને હાસિલ કરવાનું ઘેલપણ એ શરાબના નશા જેવું છે, બૈરોનું મૈયેત એ દુનિયા છે, આખેરત તે નવશાનો મહેલ છે અને તેની દુલ્હન એ જન્નતી હૂરની મિસિલ છે. જે વક્ત કે મૌત કરીબ થાશે તે વક્ત જે લોગો દુનિયામાં ગિરફતાર થઈને છાકમાં ચકચૂર પડેલા છે, એની આઁખો ખુલી જાશે. કહેશે કે, જેને સાચું સમઝતા હતા તે જૂઠ છે, જેનાથી ફાયદાની ઉમ્મીદ હતી તે નુકસાનદેહ છે, જેને અપનું સમઝતા હતા તે ગૈર છે. તે વક્ત અફસોસ કરી નારા ભરશે અને ઉમ્મીદ કરશે કે,

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**હિકમત-ભલી વાતો શરીફ શખ્સને વધારે શરીફ બનાવે છે.**

# -::: આઈનએ દરસે તૈયેબી :::-

✣ અલ્લાહતઆલાએ દુનિયામાં ઈન્સાનની અને બીજી તમામ મખ્લૂકાતની આઝમાઈશ અદવાર (દૌરો) અને અકવાર (કૌરો) ના ઝરીએ કરી છે. અદવારને દૌરે કશફ, દૌરે ફતરત અને દૌરે સતરમાં તકસીમ કરાવામાં આવા છે, જેની મુદ્દત હઝારો વરસની છે. અપનો આ દૌર, દૌરે સતર છે, જે શયતાની દૌર છે. જેમાં લોગો પર શયતાનીયતનો ગલબો રહે છે અને હક્કના મુમેનીનને તરહ-તરહની મહેનત અને બલા બરદાશ્ત કરવી પડે છે. દૌરે સતરના પહેલા નબી આદમ સફીયુલ્લાહ (અ.સ.) છે, જેના મુકીમ મૌ.હુનૈદ છે અને વસી મૌ.હાબીલ અને મૌ.શીસ છે. મૌ.આદમ આ દૌરના પહેલા નાતિક છે યાઅની અલ્લાહના કલામ અને ફરમાનને લોગો તરફ પહોંચાડનાર છે અને આપ પહેલી શરીઅતને લાવનાર છે.

મદીનતુલ મુનવ્વરામાં અઈમ્મતે તાહેરીન (અ.સ.), ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત બાદ બનુ ઊમય્યાહ અને બનુલ અબ્બાસના ઝાલિમ હાકિમોએ બાતિલ પરસ્તીનો સાથ લઈને, દીને ઈસ્લામ સાથે ખીલવાડ કરીને તકરીબન ૪ સદીઓ તક દમિશ્ક અને બગદાદમાં પોતાની ફિરઔની ખ્વાહિશાતને પામવા તખ્તે નાપાક પર ચઢીને ઝાહિરી સલતનતનો પગડંડો જમાવો, **ત્યારે આ જૌરો ઝુલ્મના સબબ અપના ઇમામો ગોશા-નશીન થઇ ગયા.** સાતમાં ઈમામ મૌલાના મોહંમદ બિન મૌ.ઈસ્માઈલ (અ.સ.) થી દસમાં ઈમામ મૌલાના હુસૈનિલ મસ્તૂર (અ.સ.) ના વકતમાં સખ્ત મહેનત આવી પડી. આ ઈમામોએ મુલ્ક દર મુલ્ક, શહેર દર શહેર ફીરીને પોતાની પહેચાન છુપાવીને દાઅવતે હાદીયાહની અને મુમેનીનના જાનો માલની હિફાઝત કીધી. તે બાદ આફતાબે ઈમામત, અગિયારમાં ઈમામ મૌલાના અબ્દુલ્લાહિલ મહેદી (અ.સ.) મગરિબ (શિમાલી આફીકા) થી તુલૂઅ થયા, ઝાહિર થયા અને પછી વીસમાં ઈમામ મૌલાના આમિર (અ.સ.) તક મિસિરમાં ૨૭૦ સાલ તક ફાતેમી ઈમામોના ઝુહૂરનું નૂર રોશન રહ્યું અને ફાતેમી સલતનતની શાનો શૌકત અને બોલબાલા શોહરએ આફાક થઈ ગઈ.

દૌરે ફતરત એ વકતને કહે છે કે, જેમાં હક્કના સાહબ પોતાની ઝાતને ખુલ્લી તૌર પર અયાઁ કરતા નથી અને આપના દુશ્મનો-ફાસિદોનું ખૂબ ઝૌર-ઝુલ્મ રહે છે, લોગોના ઈમાન અને અમલ બેવે કમ્ઝોર થઈ જાય છે. દાઉદ નબી (અ.સ.) નો કૌલ છે કે, **"જે બનું તે બનશે, જે માઅલૂમ થયું તે માઅલૂમ થાશે, સૂરજના નીચે કોઇ ચીઝ નવી નથી."** નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "આગલી ઉમ્મતોમાં જે થયું તે જ થાયા કરશે, બરાબર બરાબર." કાબીલે (લા.અ.) મૌ.હાબીલ (અ.સ.) ને કત્લ કીધા, દૌરે આદમમાં તે પછી ફતરત આવી, યહાઁ તક કે, મૌ.શીસ (અ.સ.)-હેબતુલ્લાહ કે જે મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) ના ફરઝંદોમાં સાતમાં છે તે કાઈમ થયા. તે બાદ ફતરત ચાલુ રહી અને મૌ.ઈદરીસ (અ.સ.) ઝાહિર થયા અને તમામ નાપાકીઓ-બદીઓથી લોગોને પાક કીધા. પાછી ફતરત આવી જે મૌ.નૂહ નજીયુલ્લાહ (અ.સ.) તક ચાલી, આપ ઝાહિર થયા અને મુખાલિફો સૈલાબે અઝાબમાં ગરક થયા. મૌ.નૂહ (અ.સ.) અને આપના વસી મૌ.સામ (અ.સ.) બાદ ફતરત ચાલુ રહી, યહાઁ તક કે, મૌ.હૂદ (અ.સ.) ઝાહિર થયા. કૌમે આદ આપના મુકાબેલા પર આવી, અલ્લાહની આયતોને મીટાવવાની ખૂબ કોશિશો કીધી પણ નાકામ થયા અને હલાક થયા. આપના બાદ મોટી ફતરત આવી, યહાઁ તક કે, મૌ.સાલેહ (અ.સ.) કાઈમ થયા, અને આપના જાની દુશ્મનો કૌમે સમૂદ વાસિલે નારે જહન્નમ થયા. તે બાદ મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) નો દૌરે નુબૂવત આવો. અલ્લાહતઆલાએ આપને કિતાબ, હિકમત અને મુલ્કે અઝીમ બખ્શું. આપના બાદ મૌ.ઈસ્માઈલ ઝબીયુલ્લાહ (અ.સ.), મૌ. ઈસ્હાક (અ.સ.), મૌ.યાઅકૂબ (અ.સ.) અને મૌ.યૂસુફ (અ.સ.) એક બાદ બીજા કાઈમ થયા.

(બાકીનું આવતા શુમારામાં)

**દરસનો વક્ત :**

નૂરાની મસ્જિદ : દર રવિવાર : સવારે ૧૦:૩૦ વાગે     તૈયેબી મસ્જિદ : દર જુમ્આ : રાતે ૮:૦૦ વાગે. ★

**મઝદૂરનો પસીનો સુખાઈ તે પહેલા એની મઝદૂરીને અદા કરી દો.**

## -::: અખ્બાર પુર અન્વાર :::-

હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની દાઅવતે હાદીયાહના મરકઝ અને દાએરામાં ઈલ્મી સરગરમીઓનો માહૌલ તરો તાઝા રહે એની હર વક્ત ઉમ્મીદ રહે છે. આ વાસ્તે આપ ઝૌકો શૌક વધારવાની હોંસલા-અફઝાઈ કરે છે અને તદબીરો કોશિશ કરીને વતનમાં યા વતનથી બાહર દીગર ઈસ્લામી મઝહબો મિલ્લતના સાહબો સાથેની મુલાકાત કરવાની રગબત અપાવતા હોય છે. આ સિલસિલામાં શવ્વાલ મહીનાની ૧૭ તારીખે સૈયેદી હાતિમ ઝકીયુદીન માઝૂનુદાઅવત અને સૈયેદી મોહંમદ નૂરૂદીન મુકાસિરૂદાઅવતની દિલ્લી તરફ સફર થઈ. આપ સૈયેદી સાહબના બાઝ ઈલ્મી ઈદારાઓના તઅલ્લુકાતના નતીજા રૂએ આપને **જામેઆ મિલ્લીયાહ ઇસ્લામીયાહ યૂનિવર્સીટી** તરફથી એક ઈલ્મી મજલિસ વાસ્તે ઈઝન પૈશ કરવામાં આવું. મમ્લેકતે સઊદીયાહ અરબીયાહની મોઆવેનત અને ઈમ્દાદથી એક આઅલા હફલતે ઈલ્મીયાહ (સેમીનાર) ની તરતીબ ત્રણ દિન વાસ્તે આપવામાં આવી. જેમાં **Indian Archives and Libraries as Source for the History of Arabian Peninsula** ના મઝમૂન પર તકરીબન ૪૦ મુકર્રેરીન અને મુબાહેસીને પોતાના પેપરો પઢા જે હિન્દુસ્તાન ભરની તમામ મશ્હૂરો નામવર કોલેજો, યુનિવર્સીટીઓ, લાઈબ્રેરીઓ અને એકાડેમીના રઈસ અને મોહતમિમો હાઝિર રહ્યા હતા.

ઈબ્તેદાઈ મજલિસમાં સૈયેદી સાહબનો સફીરે સઊદી અરબીયાહ સાથે તઆરૂફ થયો તેમજ સઊદીના દીગર ઓલમા અને સિયાસી નામવર હસ્તીઓ સાથે મુલાકાત થઈ અને અપની અલવી જમાઅતની માઅરેફત અને પહેચાન આપવામાં આવી. ત્રણે દિનના રેહાઈશ અને બીજા તમામ ઈન્તેઝામાત સઊદી હુકૂમત તરફથી આઅલા તૌર પર કરવામાં આવા હતા. આ સેમીનારમાં સૈયેદી સાહબને ઓલમા દરમિયાન **Occurrences of the Episodes of Arab History in Fatemi Ismaili Literature** મૌઝૂઅ પર પેપર પૈશ કરવાની સઆદત હાસિલ થઈ. જેમાં સૈયેદી સાહબે મૌ.ઈમામ અહમદિલ મસ્તૂર (અ.સ.) થી ઝમાનએ હાલ તક ફાતેમી-ઈસ્માઈલી-તૈયેબી દાઅવતના કિતાબોમાં અરબસ્તાન અને અહલે અરબની તારીખ રકમ કરવામાં આવેલી છે એના મુસન્નિફો-લેખકો અને રિસાલાઓ ના મૌઝૂઆતની તફસીલી ઝિક્ર કીધી અને વડોદરામાં દાઅવતે હાદીયાહના કુતુબખાનાની ૩૦૦ વરસથી થયેલા તહફ્ફુઝ અને એહતેમામની ઝિક્ર કીધી અને એમાં રહેલી દોઆતની મહેનત અને હાલની નવી ખત્તાતી (અરબી લખાણ) ની શાકેલત અને કિતાબોની ગિન્તી તફસીલવાર પૈશ કીધી. હાઝેરીનમાંથી જે મકાલો સાંભલનાર હતા, તેઓ **સૈયેદી સાહબના તલફ્ફૂઝ, સિલસિલો અને મૌઝૂએ ગુફતગૂની નઝાકત તેમજ તારીખી નવાદેરાતથી ઘણા જ મોતઅસ્સિર થયા.** તમામે તૈયેબી અલવી બોહરાની તારીખ, અદબ અને લીટરેચરની ઝિક્રથી બોહરાવર થાવાનો ઈકરાર અને એઅતેરાફ કીધો. જેમાં ખુસૂસી તૌર પર સૈયદના સાહબની હિદાયત અને આપના તૌર તરીકાની ઝિક્રે ખૈર થઈ. આ મૌકા પર સેન્ટ્રલ વકફ બોર્ડના સાહબો સાથે દરાઝ વક્ત તક ખુશ-ગુફતગૂ સાથે જમાઅતના દીગર મુઆમેલાતની વઝાહત કરવાનો અહમ અવસર દસ્તયાબ થયો, જે મુસ્તકબિલમાં જમાઅત વાસ્તે ઘણો મુફીદ સાબિત થઈ શકે એમ છે.

સૈયેદી સાહબના વરસોથી સફારતે મુલ્કે ઈરાન સાથે ઈલ્મી-સકાફતી અને વાલેહાના તઅલ્લુકાત રહેલા છે, તેથી આપની મુલાકાત ઈરાન કલચર હાઉસના મુશીરે આઅલાને સાથે એમના મકામ પર થઈ જેના વાસ્તે પહેલે થી ઈઝનો ઝિયાફત પૈશ કરવામાં આવી હતી. જનાબ સાહબ ત્યાં પધારા તો આપના દરજા અને રૂત્બા મુજબ ઈન્તેઝામ કરવામાં આવો હતો. આપે મુશીરે આઅલા સાહબને ચંદ નવાદેરાત અને હદીયાથી નવાઝા. તેમને આપને સાથે ખુશ-ઝબાનમાં ગુફતગૂ કીધી, તે દૌરાન આપથી ઈરાનના એક મશ્હૂર આલિમની મુલાકાતની રઝા લેવામાં આવી. આપે રઝામંદી બતાવી અને **આપને સાથે તેહરાનના માઅરૂફ આલિમ અલ-કાશાની ની મુલાકાત થઇ** જે જામએ મોતહહરીના ચાનસેલર છે. આ સાહબે ઈમામ મહેદીના મૌઝૂઅ પર કિતાબોનો સિલસિલો લખેલો છે. સૈયેદી સાહબે એમના સાથે અપના ૧૧માં ઈમામે ફાતેમી મૌ.મહેદી અને મૌ.કાઈમુલ કયામાહના બારામાં

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**નકામા અમલથી બચવું એ કોઈ ખૈર કામ ન કરવા કરતા બેહતર છે.**

(પેજ નં. ૧નું બાકી) **દાઈએ હક્કની શહાદત.....**

પુકારવામાં આવશે, મસલન ઉમ્મતે મૂસા યા ઉમ્મતે ઈસા. જે કોઈ શખ્સ મરી જાય અને એના ઝમાનાના ઈમામ ને ન ઓલખે તો એની મૌત જાહેલીયત (જાનવર કરતા બદતર) ની મૌત છે.

ઈરશાદે રબ્બાની છે કે, **વકઝાલેકા જઅલનાકુમ ઉમ્મતંવ વસતલ લેતકૂનૂ શોહદાઅ અલન નાસે વ યકૂનર રસૂલો અલયકુમ શહીદા** - યાઅની કે, એ જ મુજબ હમેં તમને (અય આલે મોહંમદ અઈમ્મતે હક્ક (અ.સ.)) વચગાલાની ઉમ્મત બનાવા જેથી તમેં લોગો (ના આઅમાલ) પર શાહિદો બનો અને બને રસૂલ તમારા ઉપર શાહિદ. બીજી જગા પર ઈરશાદ છે કે, **વમય યોતેઇલ્લાહ વર્રસૂલ ફઓલાઇકા મઅલ્લઝીના અન્અમલ્લાહો અલયહિમ મિનન નબીયીન વસ સિદીકીન વશ શોહદાએ વસ સાલેહીન, વ હસોના ઓલાઇકા રફીકા**- યાઅની કે, અને જે શખ્સ અલ્લાહ અને રસૂલની ફરમાઁબરદારી કરે તો એ લોગો તેમના સાથે છે જેને અલ્લાહે નેઅમત બખ્શી યાઅની અંબિયા અને ઔસિયા અને ઈમામો અને મુમેનીન સાલેહીન (જે દોઆતે હક્ક છે) અને ઘણા જ ખુશગવાર છે તે રફીકો (જેની સોહબત અને શફાઅત ઈમાનદારોને નસીબ થાશે). આ મફહૂમની બીજી આયતમાં ઝિક્ર છે કે, તમારા બાવાજી મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ની મિલ્લત-સુન્નતને લાઝિમ રહો. તે અલ્લાહે આ કુરઆનને પહેલા પણ તમારૂં નામ મુસલમાન રાખ્યું અને આ કુરઆનમાં એ જ મિસિલ રાખેલું છે. તાકે રસૂલ તમારા ઉપર શાહિદ બને અને તમેં (અય આલે મોહંમદના મોઅતકેદીન) તમામ ઈન્સાનો પર શાહિદ બનો. તો તમેં પાબંદી સાથે નમાઝને કાઈમ કરતા રહો અને ઝકાતને આપતા રહો અને અલ્લાહ (ના હુકમો ફરમાન) થી વિલગેલા રહો, તે અલ્લાહ તમારો મૌલા છે અને ભલો મદદ કરનાર છે. આ આયતથી સાબિત થાય છે કે, **મુમેનીન પોતે દુનિયાના તમામ બીજા ઇન્સાનોના શાહિદ છે અને મુમેનીનના શાહિદ ઝમાનાના નસના સાહબ અને અલ્લાહ તરફથી બયઅત લેનાર સાહબ છે.** ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, આ આયતમાં **"ઉમ્મત"** થી મુરાદ હમેં છીએ અને હમારા બાવાજી મૌ.ઈબ્રાહીમની મિલ્લતથી હમેં જ મખ્સૂસ અને મુન્તખબ (ચુનેલા) છીએ. કુરઆન અને આગલા બધા જ ઈલાહી કલામોમાં હમને **"મુસ્લેમીન"** ના લફ્ઝથી યાદ કરવામાં આવા છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હમને અલ્લાહને તરફથી જે ચીઝ પહોંચાવી તે ઉપર રસૂલ ગવાહ થાશે અને હમેં તમામ લોગો ઉપર ગવાહ થઈશું. જે શખ્સ રૌઝે કયામત સાચુ બોલશે તેને હમેં સાચા સાબિત કરીને ઈન્સાફ કરીશું અને જે જૂઠ બોલશે તે હમારાથી કોઈ ફાયદો નહીં લઈ શકે પણ જૂઠના એવઝ અઝાબને માથે લેશે.

શહાદતના કલેમામાં અલ્લાહતઆલાની તૌહીદની શહાદત, રસૂલની રિસાલતની શહાદત અને ઝમાનાના વલીની વલાયતની શહાદત મૌજૂદ છે. આ સિવાય તમામ શહાદતો અધૂરી, ઠૂઠી અને બુઠી છે, જેના થોડામાં માથું તો છે મગર દિમાગ નથી અને જિસ્મ તો છે પણ પગ નથી. **આ શહાદતનો કલેમો જો ઇખ્લાસથી પઢાય તો પઢનાર જન્નતમાં દાખિલ થાય.** એમ નથી કે, જન્નતમાં દાખિલ થાશે કેમકે, દુનિયાની ઝિંદગીમાં કલેમએ શહાદત પઢીને નેકબખ્ત અને ખુશકિસ્મત બનનાર તે પહલા એના માઁ ના રહેમમાં અલ્લાહની રહેમતથી ખુશકિસ્મત થયેલો હોય છે. હક્કના વલીની શહાદત, એ શહાદતે ઉઝમા છે કેમકે, તે વલીએ હક્કે અને દાઈએ હિદાયતે દુનિયામાં મુમિનના દાએરા પછી ઘણા દાએરાની હદોને સર કીધી હોય છે અને પછી દાઈએ હક્કના દરજા પર ફાઈઝ થયા હોય છે. તેથી તૌહીદે ખુદાની શહાદત, રિસાલતની શહાદત, વસીની વલાયતની શહાદત અને ઈમામની ઈતાઅતની શહાદત બીજી શહાદતો કરતા ઘણી અફઝલ અને બરતર હોય છે. હવે જે વલીએ હક્ક અને હાદીએ સિદક, ઝાલિમો અને દુશ્મને દીન સાથે જેહાદ કરીને પોતાની જાનને રાહે હક્ક અને સબીલિલ્લાહમાં કુરબાન અને ફિદા કરે છે એ શહાદત બીજી તમામ શહાદતો કરતા ગૈર માઅમૂલી હોય છે. યાઅની કે, શહાદત પર શહાદત અલ્લાહની રાહમાં જાનને કુરબાન કરવી, જે જાન ઈમામુઝઝમાન (અ.સ.) ની અમાનત છે અને કાઈમુલ કયામાહ (અ.સ.) ના મજમાઅમાં પહોંચી આલી મરતબો હાસિલ કરનાર છે, તેની શાન અને નૂરનું શું પૂછવું ? ખરેખર, એ શહાદતના શાહિદ મૌલા ઈમામુઝઝમાન છે અને આપથી ઉપરના મરતબાના સાહબો છે.

(બકીયાહ પેજ નં. ૮ પર)

**જ્યાં તક તમેં બુરાઈનો રસ્તો ભૂલી ન જાવ ત્યાં તક તમને ભલાઈનો રસ્તો મીલવાનો નથી.**

(પેજ નં. ૪નું બાકી)    **અખ્બાર પુર અન્વાર....**

દાઅવતના કિતાબોમાં જે બયાનાત આવેલા છે તેની બહેસ અને તફર્રૂકની વઝાહત કીધી. ફાતેમી-તૈયેબી ફિરકાના અકાઈદે ખાસ્સાની બાઝ પહેચાન આપી અને દિગર ફિરકાઓએ આ બારાની બુનિયાદમાં જે ફરક કરીને ગલતબયાની અને ગલતફહેમી ફેલાવેલી છે તે તરફ ઈશારા કીધા. આપ સાહબના ઈકરામમાં એક ખાસ ઝિયાફત અરઝ કરવામાં આવી હતી, જેમાં પણ ઈલ્મી ગુફતગૂનો સિલસિલો જારી રહ્યો હતો. આ અહમ મુલાકાત દૌરાન સાહબે દાઅવતે ઈસ્લામી મખ્તૂતાત - હાથથી લખાયેલા જૂના કિતાબોની હિફાઝત, દેખરેખ, સાચવણી અને તેને નવા કરવાની નવી ટેકનીકના મુશાહેદા સાથે અરબી કિતાબત - calligraphy ની મુખ્તલિફ તરઝો તરીકા પર લખવામાં આવેલી બિસ્મિલ્લાહ, કુરઆનની આયતોની નક્કાશી અને અલગ-અલગ ડીઝાઈનોથી ઝીનતદાર કીધેલા કુરઆને કરીમની નકલોનો પણ મુઆએનો કીધો.

આ સાહબોએ સૈયેદી સાહબની ઝબાનીથી તૈયેબી-અલવી ઊલૂમો ફોનૂનની બયાની સાંભલી, જેનો દારોમદાર દાઅવતના મરકઝ પર વરસોથી સાચવવામાં આવેલી કિતાબો પર રહેલો છે. તેઓ ઈન્શાઅલ્લાહ, ચંદ અય્યામમાં જ દાઅવતે હાદીયાહના કુતુબખાનાનો મુઆએનો કરવા, હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની મુલાકાતથી શરફયાબ થાવા અને બીજી ઈલ્મી ગુફતગૂ કરવા વાસ્તે હમારા ઈઝને ખાસને મદ્દે નઝર રાખીને વડોદરા પધારવાના છે. બિલા શક આ તરહના ઝર્રીન મૌકા હક્કના મુમેનીનની જમાઅતની પહેચાન અને દાઅવતે હાદીયાહના ઈઝઝતો જલાલને દીગર કૌમોની નઝરમાં વધારવા વાસ્તે અહમ કિરદાર અદા કરે છે. ★

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

✣ ઈમામ (અ.સ.) થી રિવાયત છે કે, મગરિબનો અવ્વલ વક્ત સૂરજનું ગુરૂબ થાવું છે તે એ તરહથી કે સૂરજનો ગોલો પૂરેપૂરો મગરિબના જાનિબ ગાઈબ થઈ જાય. સૂરજના ગાઈબ થાવાની નિશાની એ છે કે, મશરિકમાં આહિસ્તા-આહિસ્તા કાલાશ નમૂદાર થાય. આ વક્ત પર મગરિબની નમાઝ અદા કરવી જોઈએ - જે રાતના થાવાની ઈબ્તેદા છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઝમાનમાં ઘણા બિદઅતી લોગો થયા જે ઈમામના નામે મનઘડીત વાતો બનાવીને આમ મુસલમાનોને ગુમ્રાહ કરતા હતા. આ ફસાદદાર લોગોમાં અબુલ ખત્તાબ (લા.અ.) પણ હતો જેએ એમ ગલત-સલત વાતો ફેલાવી કે, મગરિબની નમાઝને આસ્માનમાં તારા ચમકે વહાઁ તક તાખીરથી પણ પઢી શકાય છે. આ ખોટી વાતોને મીટાવવા આપ (અ.સ.) એ ફરમાવું કે, **મુમેનીન, અબુલ ખત્તાબ જેવા લઇનોથી દૂર રહે જેઓ ખોટી રિવાયતોને હમારા નામ સાથે જોડી દે છે.** આ બિદઅતો સાથે અહલુલ બૈતનો કોઈ તઅલ્લુક નથી. બલ્કે, આ ગુમ્રાહી તો નારે જહન્નમ તરફ લઈ જાનાર છે. જે શખ્સ મગરિબની નમાઝને તારાઓના નીકલવા તક તાખીર કરશે તો હમેં એના આ અમલથી આઝાદ છે, બરી છે. અલ્લાહતઆલા એ શખ્સના આ શર અમલ વાસ્તે એના સાથે નીપટી લેશે.

✣ આપ (અ.સ.) ફરમાવે છે કે, ઈશાઈલ આખેરતનો અવ્વલ વક્ત એ છે કે **"શફક"** ગાઈબ થઈ જાય. આ **"શફક"** તે સુરખી-લાલેકીને કહે છે જે સૂરજના ગાઈબ થાવા બાદ મગરિબના જાનિબમાં આસ્માનમાં હોય છે. ઈશાનો આખિરી વક્ત નિસ્ફિલ્લૈલ (અડધી રાત) તક હોય છે. મગરિબની નમાઝના વક્ત સાથે ઈશાની નમાઝનો વક્ત દાખિલ થાય છે. ફરક એ છે કે, બેવે નમાઝોના ફરઝો દરમિયાન સુન્નત અને તતવ્વોઅની નમાઝને આમૈઝ કરવામાં આવી છે, જેથી ઈશાઈલ આખેરતની નમાઝના વક્તની ગરઝ પૂરી થઈ શકે.

✣ ઈશાઈલ આખેરતની નમાઝ બાદ કોઈ પણ નાફેલતની યા કઝા થયેલી નમાઝને પઢી શકાય છે. નાફેલતની નમાઝમાં એ તમામ નમાઝો શામિલ છે, જે નિસ્ફિલ્લૈલ અને ઈસ્તિફતાહની નમાઝ સાથે બે-બે રકાત પઢવામાં આવે છે યા લયલતુલ કદરને વક્ત જે બે-બે રકાતો પઢાય છે. અડધી રાતના શુમારે નિસ્ફિલ્લૈલની નમાઝ પઢવામાં આવે અને છેલ્લા તહજ્જુદની નમાઝ પઢી શકાય છે. જો ફક્ત તહજ્જુદની નમાઝ પઢવી હોય તો તેને રાતના આખિરી હિસ્સામાં યાઅની ૪- ૪:૩૦ વાગાને કરીબ પઢી શકાય છે. શફાઅ-વતર-જુલૂસનો વક્ત ફજરની અઝાનને અડધો કલાક પહેલાનો છે, અગર અઝાન આવી ગઈ તો આ ત્રણે નમાઝ કઝા પઢવી જોઈએ.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**ત્રણ ચીઝોને હલકી ન સમઝો : કરમ, મરઝ અને ફરઝ.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### એસીડીટી (Acidity)

* Acidity નો લફ્ઝ આમ ઈન્સાનને વાસ્તે ઈસ્તેમાલ કરવો ઘણો આસાન છે મગર એક તબીબ (doctor) ને વાસ્તે Acidity ની બારીકીઓ સમઝવું એટલું જ દુશ્વાર છે. પેટને લગતી ઘણી બધી ચીઝો એવી છે કે, જેને મરીઝ acidity નું નામ આપી દે છે. મગર Acidity જેવી શિકાયત heart ની તકલીફ વાલાને હોય શકે યા તો પેટમાં ચાંઠા (ulcers) હોય શકે યા તો simple અપચો હોય શકે યા તો કોઈ માનસીક કારણ પણ હોય શકે છે.
* Acidity માં ખાસ કરીને બે ચીઝો શામિલ છે : એક તો એ કે પેટના અંદર Acid નું પ્રમાણ વધી જવું છે જેના સબબ Patient ને ખટાશનો એહસાસ થાય છે અને eructations (ડકાર) આવે છે. બીજું એ કે પેટની એસિડ વાલી ચીઝો જે વક્ત અન્ન નલી (oesophaqus) માં આવે ત્યારે patient ને જલન થઈ શકે છે જે હંગામી હોય (temporary) યા ઘણા વક્તથી હોય (chronic)- આ તકલીફને oesophaqeal reflax કહે છે. Patient જ્યારે Acidity ની શિકાયત કરે તો આ બે કારણો માંથી કોઈ પણ એક હોય શકે છે.

- Acidity યા અપચો યા પેટમાં જલન ની Signs :
  - ખાટા ડકારો આવવા, વારંવાર થૂંક આવવું, મ્હોં મા કડવો સ્વાદ રહેવો, ભૂખ ન લાગવી.
  - પેટના વચલા હિસ્સામાં ઉપરની તરફ દુખાવો થવો. આ દુખાવો ખભામાં યા કે પીઠમાં યા હાથમાં પણ થઈ શકે છે.
  - જમા પછી પેટ ભારે લાગવું, કલેજાની જગહ પર દુખાવો થવો.
  - માથુ દુખવું, ખાટી યા કડવી ઉલ્ટી થવી.
  - ઠંડુ દૂધ યા પાની પીવાથી રાહત થાવી, વગેરે.

* ઉપર બતાવેલા સબબો સિવાય Acidity થાવાનો સબબ થોડા cases માં માનસિક હોય છે. જ્યારે પણ patient ને કોઈ માનસિક તાણ યા સદમો પહોંચે છે તો Acidity વધી જવાની શિકાયત કરે છે.
* વધુ પડતી Pain killers અને allopathic દવાઓ લેવાથી ઘણા Patients અપચા, Acidity અને જલન થવાની શિકાયત કરે છે. આ type ની Acidity temporary હોય છે પણ લાંબા વક્ત તક અગર દવાઓ ચાલુ રહે તો તે પેટને નુકસાન પહોંચાવી શકે છે.
* ઘણા Patients ને સવારે ઉઠીને brush કરતા પેહલા યા ભૂખ્યા પેટે ચ્હા યા coffee લેવાની આદત હોય છે, જે બિલકુલ ગલત અને નુકસાન કારક છે. સવારે ઉઠીને નાશ્તા સાથે યા પછી ચ્હા અને coffee લેવી જોઈએ. વધુ પડતી ચ્હા અને coffee લેવાથી પેટમાં જલન થઈ શકે છે કેમકે, ચ્હા અને coffee અન્ન નલી (oesophagus) ના નીચલા હીસ્સાને ઢીલો કરી દે છે જેના સબબ પેટની એસીડવાલી ચીઝો oesophogus માં આવી જાય છે જેથી જલન થાય છે. તંબાકુનુ સેવન (બીડી, cigarette, પડીકી, ગુટખા) પણ આ જ મુજબની પેટમાં તબદીલી કરે છે જેના સબબ દર્દીને અપચો અને જલનનો એહસાસ થાય છે.
* જેને Acidity ની તકલીફ વારંવાર થતી હોય તેઓને જમવાને અંદર તીખી-મસાલા વાલી અને તલેલી ચીઝોથી પરહૈઝ કરવો જોઈએ.

  Homoeopathy માં Acidity ને વાસ્તે અકસીર દવાઓ છે જે allopathy ના antacid કરતા પણ જલ્દી અસર કરે છે. અગર Acidity ઘણા વક્તથી હોય તો homoeopathy ની દવાઓ લેવું ઘણું ફાયદામંદ છે. Allopathy માં આનો કોઈ કાયમી ઈલાજ નથી ફક્ત antacid આપીને temporary રાહત થવી એજ એક રસ્તો છે.
* આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા દર્દીને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

**જેના હાથ અને ઝબાનથી પોતાનો ભાઈ સલામત રહે તે જ સાચો મુમિન કહેવાય.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) જન્નતમાં મુમેનીનની ખિદમતમાં --- અને ગિલ્માન હશે. (૨)

(૨) વધારે, ઝિયાદહ. (૩)

(૩) રંજ, ગમ. (૩)

(૭) હ.ઈસ્રાફીલ (અ.સ.) રૌઝે કયામત --- ફૂંકશે. (૨)

**આડી તરકીબ :**

(૨) નવાઝિશ, ઈનાયત, મહેરબાની. (૩)

(૪) --- મઝાક કરનાર શખ્સ ખુદ એનો શિકાર બને છે. (૨)

(૫) મુરદા જિસ્મ, મૈયત. (૨)

(૬) રિસાલતના રૂત્બા પર કાઈમ થાનાર સાહબ. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | હા | | |
| | અ | મ | લ | |
| દા | ર | ■ | મ | ઝા |
| | ઝ | લ | ક | |
| | | બ | | |

★

---

*(પેજ નં. ૫નું બાકી)* ***દાઈએ હક્કની શહાદત.....***

અલ્લાહતઆલા એવા વલીએ કામિલને શહાદતનો દરજો બખ્શીને જે જગા પરથી આવા હતા તે જગા પર હમને પાછા કરામત અને અઝમતથી લઇ જાય છે. તેથી જ અલ્લાહતઆલા પોતાના કિતાબમાં ફરમાવે છે કે, **વલા તાહસબન્નલ્લઝીના કોતેલૂ ફી સબીલિલ્લાહે અમ્વાતા, બલ અહયાઉન ઇન્દા રબ્બેહિમ યુરઝકૂન** - અને જે લોગો રાહે ખુદામાં ગુઝરી ગયા એમને મરેલા ન સમઝો મગર એ લોગો તો ઝિંદા છે. એમના રબના નઝદીક રિઝક આપવામાં આવે છે. રબના તરફથી રિઝક જ જન્નત અને નજાતનો સામાન છે જેને અલ્લાહ એની દાઅવત તરફ ઈઝન આપનાર હર દાઈ વાસ્તે મખ્સૂસ કરે છે. હિન્દની દાઅવતના ચમકતા સિતારા, કુદસના કિનારા, મુમેનીનના સહારા, સૈ.સફીયુદ્દીન સાહબના દુલારા, સાહબે શહાદત સૈયેદના અલી શમ્સુદ્દીન સાહબે (આ.કુ.) **ફી સબીલિલ્લાહ** દાઅવતની હક્કાનીયતના નિશાનને કાઈમ રાખવા અને દોઆતે હક્કના ઈલ્મને ઈમાની ફરઝંદોમાં ઝિંદા રાખવા પોતાની નફસને કુરબાન કરી દીધું. આપ મૌલાએ શહાદતનો દરજો ઈખ્તિયાર કરીને હાજતરવાઈ અને મુશ્કિલકુશાઈની નહેરો એવી તો જારી કીધી કે, અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની શહાદત અને ગુરબતની યાદ આપના કુબ્બા મુબારકામાં તાઝી થઈ જાય છે અને મુમેનીન આપની કબરે અન્વરના મકામે શરીફની ઝિયારત કરીને આબે શહાદતથી ફૈઝ પાઇ છે. જેમ આકા અલી (અ.સ.) અને આકા હુસૈન (અ.સ.) ની તુરબતે તાહેરાહ વરસો તક મખ્ફી રહી તેમ ભલે સૈ.અલી સાહબ (ક.રૂ.) ની તુરબત હમેં હમારી નઝરોથી નથી જોતા મગર **આપની હસ્તી હમ અલવીયૂનના દિલોમાં ઝિંદાઓ જાવૈદ છે.** આજે હમારા મૌલા અલી (અ.સ.) અને મૌલા હુસૈન (અ.સ.) ની હક્કપરસ્તી આપના કુબ્બા શરીફાહથી ઝાહિર થાય છે તેમ હમને પૂરેપૂરૂં યકીને કામિલ છે કે, હમારા દાઇએ હક્ક સૈ.અલી ની શહાદતનું નૂર કબરે અન્વરની સૂરતમાં નમૂદાર થાશે. અલ્લાહતઆલા, હમારા અઈમ્મત અને દોઆત (રા.અ.) ની મુબારક વાસ્તાથી હમારી ઉમ્મીદને પૂરી કરે. આમીન... ★

**શરમનો ઈઝહાર કરવો પણ ઈમાનનો એક હિસ્સો છે.**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **જલાલુદ્દીન મુલ્લા હુસૈનઅલી ચાંદખાઁ**
સરનામું : નૂરાની મસ્જિદ સામે, બદરી મોહલ્લા.
વફાતની તારીખ : ૨૯ રમઝાન ૧૪૩૦, ૧૮/૯/૨૦૦૯.
ફોન : ૦૨૨-૨૫૦૪૦૬૭૭. ★

નામ : **ફઝલેહુસૈન ફિદાહુસૈન શાહીવાલા**
સરનામું : મરકઝે હુસૈની હોલ નઝદીક, બદરી મોહલ્લા.
વફાતની તારીખ : ૬ શવ્વાલ ૧૪૩૦, ૨૫/૯/૨૦૦૯.
ફોન : ૯૮૯૮૧૪૦૬૦૫. ★

નામ : **ખદીજાબુ અલીહુસૈન ડભોઇવાલા**
સરનામું : બદરી મોહલ્લા, વાડી.
વફાતની તારીખ : ૧૮ શવ્વાલ ૧૪૩૦, ૭/૧૦/૨૦૦૯.
ફોન : ૯૮૨૫૩૫૧૯૮૫. ★

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

**નોંધ :**

જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**ખૈરસુલૂક-ખુશઅત્વારી તમારો ભરોસાપાત્ર દોસ્ત છે. ઈન્સાફ તમારી બેહતરીન વિરાસત છે. ખૈર સુલૂક નવા લિબાસ જેવો છે જે ઈન્સાનને ઝીનત બખ્શે છે. આ લિબાસ કોઈ ખાનદાની શરફ યા દૌલતથી હાસિલ કરી શકાય નહી.**

## -::: ઝાહેર ખબર :::-


**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**
અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....
**લકી કારપેટ સેન્ટર**
C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

**અયમન હોઝીયરી**
**દરેક પ્રકારની બા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઇનર વેર વ્યાજબી ભાવે મીલશે.**
*તરન્નુમ ઝહીર કાચવાલા*
વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ, પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા, વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૩૦૨૪૩૩૯ મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★

**Zenith**
HEARING AIDS BY ELKON audifon

AM unitron hearing
**100 % DIGITAL INVISIBLE ITC & CIC**
" NATIONAL PLAZA "
Alkapuri, R.C Dutt Rd.,
Ph 2354118, 2342884
" THE EMPEROR"
Fatehgunj Main Road Ph : 2787744
" SHIPRA"
Nr. New Alka Restaurant
Old Padra Road Ph.: 2252266
"KEDAR"
1st Flr. Nr. Laheripura Gate, Ph.2422307


---

*(પેજ નં. ૨નું બાકી)* **શરાબ....**

**"કાશ ! ખુદા હમને દુનિયામાં પાછો વાલે અને હમેં નેકી કરી લઇએ, ભલા લોગોમાંથી થઇ જઇએ."** પણ, એ કંઈ જ ફાયદો કરશે નહી અને બસ પછતાવો બાકી રહી જાશે. જેમ શરાબના નશાના ઝહેરે નવશાની પૂરી ઉમ્મીદમાં કડવાશ ભરી દીધી, તેમ શરાબની લતની ભયાનક આંધી નવજવાનોની ઝિંદગીને બરબાદ કરી શકે છે. મુમેનીનના હક્કમા એક જ ભલી ઉમ્મીદ છે કે, ખુદાતઆલા હમને આ શરાબ જે **"ઉમ્મુલ ખબાઇસ" - ખરાબીઓ-નાપાકીઓની માઁ છે,** તેના શરથી મેહફૂઝ રાખે, હમારી અકલો ઝમીરને વલાયતે ઈમામુઝઝમાન (અ.સ.) થી નૂર બખ્શે. ★

**તમારી તાકતના દિવસો તમારી નૌજવાનીના દિવસો છે.**

## -::: ઝાહેર ખબર :::-

**એમ. એમ. ગ્લાસ**

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એક્સચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

**માસુમા બુટીક**

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

## -::: ઝાહેર ખબર :::-

**અલી ફોટોગ્રાફર્સ**

કોઈપણ પ્રકારના પ્રસંગ-ફંકસનની ફોટોગ્રાફી, ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી, ફેમેલી અથવા ગ્રુપ ફોટો **ડીજીટલ** કેમેરાથી પાડી આપવામાં આવશે.

ઓર્ડર માટે કોન્ટેક્ટ કરો : **મોહંમદઅલી કાચવાલા**

એ-૨૦૫, "બૈતુન્નૂર" બોરસલી એપાર્ટમેન્ટ, તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૧૯.

મો.: ૯૯૦૪૪૭૦૪૯૮ ★


## -::: સાલગિરાહ મુબારક :::-



હમેં, **અલ્તાફહુસૈન અને નાઝનીન કાગદી** હમારા ખૂબરૂ અને પ્યારા ફરઝંદ "**સાહિલહુસૈન**" ને એની પહેલી સાલગિરાહ (૧ ઝિલકાદ) ની મુબારકબાદી આપીએ છીએ. આ સાથે કાગદી અને કાચવાલા ફેમીલીની દોઆઓ પણ શામિલ છે. ★


Chaviwala Aliasgar's

**VERSATILE Study Centre**

*Where Learning Prospers*

Ph.: 2512586 M.: 9925709992

E-mail : versatilesc@yahoo.com

Wadi, Badri Mohalla, Opp.Nurani Masjid, Vadodara - 390 017.

17, 'Daarun-Naeem', Taiyabi Park, Ajwa Road, Vadodara - 390 019.

For 11th & 12th Com. (Theory Subjects), F. Y. B. Com., S. Y. B. Com. & T. Y. B. Com. (All Subjects)

**Outstanding Performance in First Terminal Examination - 2009-2010**

**(Rivals Don't Envy. Work Harder)**

**12th Commerce**

**DABHOIWALA TASNEEM (87.33%)** 1st in Zenith Eco. 87 / OCM. 98 / Eng. 78 / Guj. 81

**TAYLOR ZAINAB** Highest in OCM / Highest in English

**11th Commerce**

**ZAKIYUDDIN SAEED UL KHAIR** 1st in Rosary Highest in Economics (46/50)

**MIRIWALA ZEBA** 1st in Zenith Highest in English / Highest in Gujarati

**BHAISAHEB SHEHZAD** 2nd in Zenith Highest in Eco.

**BHAISAHEB ABBASALI** 3rd in Zenith

**BHAISAHEB SHAFIKA** 5th in Zenith

***Fresh Admissions for 2nd Term have been started.***


**જવાનીની બંદગી બુઝુર્ગીની બંદગી કરતા અફઝલ છે.**

## -::: મુબારકબાદ :::-





**ઝૈનબ આરિફહુસૈન હાલોલવાલા** (ઉંમર-૧૨સાલ) અને **આફતાબહુસૈન હમીદુદ્દીન ભાઇસાહેબ** (ઉંમર-૧૩ સાલ)

શહરૂલ્લાહિલ હરામના પૂરા મહીનાના રોઝા રાખેલા છે. તેમના વાલેદૈન સાથે હમેં અલ-હાદીના અરાકીન દોઆએ નેક સાથે મુબારકબાદી આપીએ છીએ.

૯ સાલની ઉંમર બાદ બચ્ચાઓને નમાઝ-રોઝાની તાકીદ કરવી, આદત પાડવી ઘણી ઝરૂરી છે. બચપણાથી જ દીનદારીનો પાયો નંખાયો હશે તો એ ફરઝંદ પૂરી ઝિંદગી નૈક આદત પર કાઈમ રહેશે. બચ્ચાઓ આજે રોઝાદાર બને છે એ વાલેદૈનની તરબીયતની ઉમ્દા નિશાની છે. ★

## -::: જૂઠું બોલવાના નુકસાન :::-

- **જૂઠ, તેના બોલનારને લાઅનત અને બેઇઝઝતી નો શિકાર બનાવે છે.**
- **જૂઠું બોલવાથી રોઝીમાં કમી આવે છે.**
- **એક જૂઠને સાબિત કરવા હઝાર જૂઠ બોલવા પડે છે.**
- **જૂઠું બોલવાની આદત એક ઝાતની ઉધઇ છે. જે ઇન્સાનની સચ્ચાઇને ખાય જાય છે.**
- **જૂઠું બોલનાર પોતાની ઝાત પર એતેમાદ ખોઇ બેસે છે.**
- **જૂઠું બોલવું તે બુરાઇઓની દાદરનું પહેલું પગથીયું છે.**
- **જૂઠ અમલે ખૈરને નાબૂદ કરી દે છે.**
- **જૂઠ બોલનાર શખ્સ શયતાનનો દોસ્ત છે.** ★

**સબર બે તરહના છે :**
**એક પોતાની પસંદીદાહ ચીઝ ન મીલવાનો અને બીજો પોતાની પસંદીદાહ ચીઝને બરદાશ્ત કરવાનો સબર.**

## -::: Best Wishes :::-



**Surti Mehtab Sultanali** studying in Zenith School, Std-6 has won Merit award in 1st Zenith School UCMAS Abacus & Mental Arithmatic Competition-2009 held on 3/3/2009. We greatly appreciate her success. ★



**Motiwala Kauseen Imtiyazhusain** has passed Bachelor of Architecture examination (Gujarat University) held on June 2009 and secured First class distinction by topping her batch. Her final year project & design work will get published in IIID Magazine very soon. Her outstanding performance will get her gold medal awarded in the Annual Convocation of Gujarat University. ★

*(પેજ નં. ૬નું બાકી)* ***ગુલ્શને ફિકહ....***

✣ સૂરજ તુલૂઅ થાય તેના એક કલાક પહેલા સુબ્હે સાદિક - ફજરનો અવ્વલ વક્ત થાય છે. એની નિશાની એ છે કે, મશરિકમાંથી દીવાની રોશનીની જેમ સૂરજના ઉગવા પહેલા તેની રોશની નમૂદાર થાય છે, જે આહિસ્તા-આહિસ્તા ડાબે-જમણે ફેલાય છે. આ વક્ત તે છે કે રોઝદાર પર જમન-પાની હરામ થાય છે અને બૈરોથી કરીબ થાવું પણ હરામ થઈ જાય છે. આ વક્ત પર ફજરની નમાઝ પઢવું વાજિબ થાય છે. કોઈ તકલીફ યા સબબ બગૈર ફજરની નમાઝ પઢવામાં તાખીર ન કરે. જો સૂરજ તુલૂઅ થયો, તેનો ગોલો ઓફોકમાં નમૂદાર થયો, મગરિબ તરફ લાલી ઝાહિર થઈ તો નમાઝે ફજર કઝા થઈ જાય છે, આ પહેલા જલ્દીથી નમાઝને અદા કરવી જોઈએ ★

**બાબરકત દૌલત ખોટી તમન્નાઓ છોડી દેવું છે.**

# -::: દીવાને મૌ. અલી (અ.સ.) :::-

**ઇકરા કિતાબલ્લાહે જોહદકા વત્લોહુ**

**ફી મંય યકૂમો બેહી હોનાકા વ યન્સેબો**

**માઅના :** તું તારી બનતી કોશિશથી કુરઆને શરીફને પઢા કર અને તેની તિલાવત કરીને એવા લોગોમાં શામિલ થઈ જા કે, જેઓ રાતમાં કુરઆનની તિલાવત સાથે નમાઝ પઢે છે અને દોઆ કરે છે.

**તશ્રીહ :** કુરઆને કરીમની તિલાવત કરવી, એ ઝબાનથી એના બોલનારને બરકત અને નૂર બખ્શે છે. કોઈ બંદો ચાહે કે, અલ્લાહતઆલા એના સાથે ગુફતગૂ કરે તો એ કુરઆન પઢે અને ચાહે કે, એ પોતે ખુદા સાથે હમકલામ થાય તો દોઆ કરે. રાતમાં પઢાતી નાફેલતની નમાઝોમાં મખ્ફી તૌરથી કુરઆને કરીમની કિરાત પઢાય છે. જ્યારે ફજરના વક્તમાં સૂરજ તુલૂઅ થાય ત્યારે કુરઆનને તરતીલ-તરન્નુમ સાથે બલંદ આવાઝથી ઝાહેરમાં પઢવાનો સવાબ બેઈન્તેહા આવેલો છે.

કુરઆનની તિલાવત કરનાર અને નમાઝ પઢનાર માંથી કોણ ઝિયાદહ અફઝલ અને કોના અમલનો સવાબ ઝિયાદહ ? આ સવાલના જવાબમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનનો વાકેઓ એમ બનો કે, આપ અસ્હાબ સાથે મસ્જિદમાં દાખિલ થયા. આપ જે વક્ત અસ્હાબ સાથે ગુફતગૂ કરી રહ્યા હતા તો આપે જોયું કે, **એક શખ્સ નમાઝ પઢવામાં મશ્ગૂલ છે અને બીજો તિલાવતે કુરઆને પાક કરી રહ્યો છે.** આપે અસ્હાબને એ તરફ તવજ્જોહ કરવાનું કહ્યું અને પૂછ્યું કે, તમેં બતાવો કે આ બેવેમાંથી કોનો અમલ અફઝલ છે ? અસ્હાબે કહ્યું કે, યા નબીયલ્લાહ, આપ બેહતર જાણો ! પણ નમાઝ પઢનાર અફઝલ છે. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે , બેવે જણા એના અમલમાં યકસાઁ છે, બરાબર છે, મગર આ બેવેને નઝદીક કોઈ નસીહત કરવામાં આવે તો નસીહતના કલામ એના આ અમલ કરતા ભારી છે. કેમકે, કોઈ પણ અમલ કરતા ઈલ્મને બરાબર સાંભલી અમલને સુધારવા એ તમામ કરતા અફઝલ છે.

**અલ્લાહતઆલાએ એની બંદગી અને ઇબાદતને ઇમામુઝ્ઝમાન (અ.સ.) ની વલાયતો મવદ્દત સાથે મકરૂન કીધેલી છે, જોડેલી છે.** ઈમામે આલે મોહંમદ (સ.અ.) યા એમના નાઈબ જે દાઈની સૂરતમાં છે તે ઈમાનદારોને અલ્લાહની માઅરેફત કરાવે છે, અલ્લાહના દીનને સમઝાવે છે, અલ્લાહના કલામને ઓલખાવે છે અને હિકમત-નસીહતને દિલમાં ઉતારે છે. જેમ કુરઆને કરીમને પઢવું અને સાંભલવું વાજિબ છે, તેમ દાઅવતે ઈલાહીયાહના ઈલ્મને પઢવું અને સાંભલવું એના કરતા ઝિયાદહ લાઝિમ છે. એટલા વાસ્તે હુકમ એમ છે કે, જે વક્ત કુરઆન (કલામુલ્લાહ-અહલુલ બૈત (અ.સ.) નું ઈલ્મ) પઢાય તો કાન દઈને ગૌરથી સાંભલે, ખામોશ રહે તાકે તમારા ઉપર રહેમત કરવામાં આવે. ★

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
Mustakali Vohra
Insurance Consultant
Ph.: (0265) 2583316
(0265) 2021406
"આપ આપના કુટુંબની મુલ્યવાન સંપત્તી છો......માટે વિમો જરૂરી છે"
2nd Floor,
Umallawala's House,
Badri Mohalla,
Wadi, Vadodara.
Monarch art
Screen Printing • Offset Printing • DTP Job Work

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની CD મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★